માર્ગ અને મકાન વિભાગનો કલાર્ક વરલી મટકા રમાડતા ઝડપાયો

જુના સચિવાલયના બ્લોક નં. ૧૦ સામે પાર્કીંગમાં રમાડતો હતો : રૂ. ૨૩ હજારનો મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૧૯

રાજયના પાટનગરમાં સ્થિત જુના સચિવાલયના પાર્કીંગમાં એક વિભાગના કર્મચારી વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે સેકટર-૭ પોલીસે દરોડો પાડી એક કર્મચારીને રંગે હાથ દબોચી લીધો હતો. વરલી મટકાનો જુગાર રમાડવા વાપરતા સાહીત્ય સહિત રૂ. ૨૨,૮૪૭નો મુદ્દામાલ જપ્ત કરીને પોલીસે કલાર્કની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. નોંધનીય છે કે અગાઉ પણ જુના સચિવાલયમાંથી કર્મચારી વરલી રમાડતા પકડાયો હતો.

સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ વી.યુ. ગડરીયા તેમની ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ગઈ સાંજે ખાનગી બાતમી મળી હતી કે જુના સચિવાલય જીવરાજ મહેતા ભવનમાં બ્લોક નં. ૧૦ તથા ૩ની સામે આવેલા પાર્કીંગમાં વરલી મટકાનો જુગાર એક કર્મચારી રમાડી રહ્યો છે જેને આધારે દરોડો પાડીને જુના સચિવાલય બ્લોક નં. ૧૩ ખાતે સ્થિત માર્ગ અને મકાન વિભાગમાં કલાર્ક તરીકે ફરજ બજાવતા કર્મચારી કેશવ તેજાભાઈ પરમાર (રહે. બ્લોક નં. ૮૩/૫, જ ટાઈપ, સે-૧૭)ને જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડતા રંગે હાથ ઝડપી પાડી તેની પાસેથી રૂ. ૨૨,૮૪૭નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

@ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા શનિવારના રોજ સાંજે ૭થી ૧૦ કલાક દરમિયાન શિશિરોત્સવના શુભારંભે મુંબઈના જગમશહૂર ભારતીય વિદ્યાભવનના કલાકારો દ્વારા ગ્રાન્ડ સિમ્ફની શૉ 'રાગ રંગ ગીત સંગ' ઈન્ફોસીટી કલબ એન્ટ રિસોર્ટ (ચ-૦) ખાતે યોજાશે.

● રંગ અવધૂત પરીવાર ગાંધીનગર દ્વારા બપોરે ૨ થી ૭.૩૦ કલાક દરમિયાન હરિઓમભાઈ વ્યાસના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૪૩/૧, કોલવડાનગર સોસાયટી, સે-૨૮ ખાતે દત્ત બાવની બાવની પાઠ યોજાશે.

● ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા શનિવારના રોજ સાંજે ૫.૩૦ થી ૭.૦૦ કલાક દરમિયાન સે-૧૮ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે જાહેર વ્યાખ્યાન અને પુસ્તક વિમોચનનો કાર્યક્રમ યોજાશે.

● વિશ્વ કર્મા જયંતિ નિમિત્તે સેકટર-૧૬ યુથ હોસ્ટેલ ખાતે ગાંધીનગરની સૌરાષ્ટ્ર ગુર્જર સુથાર જ્ઞાતિ દ્વારા સવારે ૧૦.૦૦ કલાકે જયંતિભાઈ શાસ્ત્રીની વ્યાસપીઠે કથા પૂજા અને પ્રવચન યોજાશે.

● વિશ્વ કર્મા જયંતિ નિમિત્તે સે-૧૬ યુથ હોસ્ટેલ ખાતે ગાંધીનગરના સૌરાષ્ટ્ર લુહાર સુથાર સમાજ દ્વારા સાંજે ૫.૦૦ કલાકેવિશ્વ કર્મા ભગવાનની પુજા અર્ચના યોજાશે.

● સે-૨૩ કડી કેમ્પસની એસ.કે. પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ અને કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા શૈક્ષણિક અને સાંસ્કૃતિક સિરાજ કાર્યક્રમ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

પદ્મશ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રીને સન્માનવાના કાર્યક્રમ અંગે વિચારણા બેઠક

ગાંધીનગર, તા.૧૮

સમસ્ત બ્રહ્મ સમાજ, રૂદ્રાભિષેક મંડળ, સાહિત્ય પરિષદ તથા કલ્ચરલ ફોરમના સંયુકત ઉપક્રમે તા. ૨૧મી ફેબ્રુઆરીને રવિવારના રોજ બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના મૂર્ધન્ય સંસ્કૃત ભાષાના પ્રખર વિદ્વાન અને વેદપાઠ શાળાના પ્રણેતા ડાહ્યાભાઈ શાસ્ત્રીને પદ્મશ્રીથી ગૌરવાન્વિત થતા તેમનું સન્માન કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં સંસ્થાના તમામ સભ્યોને હાજર રહેવા મહામંત્રી બાબુલાલ શર્માએ અનુરોધ કર્યો છે.

એક સપ્તાહમાં હેલ્મેટ વગરના ૧૭ હજાર વાહનચાલકો પકડાયા

૧૧ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન વાહનચાલકો પાસેથી ૧૬.૮૬ લાખ દંડ વસુલવામાં આવ્યો : હવે ૬૦ ટકાથી વધુ વાહનચાલકો હેલ્મેટ પહેરતા થયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર પોલીસે શહેરમાં હેલ્મેટ ફરજીયાત થયા બાદ એક સપ્તાહમાં હેલ્મેટ વગર ફરતા ૧૬,૯૭૫ વાહનચાલકોને પકડીને તેમની પાસેથી દંડ વસુલાતની કડક કાર્યવાહી કરી છે. એક સપ્તાહમાં પકડાયેલા આ વાહનચાલકો પાસેથી પોલીસે રૂ.૧૬.૮૬ લાખનો દંડ સ્થળ પર જ વસુલ્યો છે. હજુ પણ આ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. નોંધનીય બાબત છે કે હવે શહેરમાં ૬૦ ટકાથી વધુ વાહનચાલકો હેલ્મેટ પહેરતા નજરે ચઢી રહ્યા છે.

ગાંધીનગર શહેરના વિવિધ સર્કલો પર ટ્રાફીક તથા સ્થાનિક પોલીસની ટુકડીઓ સવાર સાંજ ઉભી રહે છે જે હેલ્મેટ વગર નીકળતા વાહનચાલકોને સ્થળ પર દંડ ફટકારી હેલ્મેટ ફરજીયાતની કડક અમલવારી કરાવી રહી છે. ૧૧ થી ૧૮ ફેબ્રુઆરી દરમિયાન એક સપ્તાહમાં પોલીસે ૧૬,૯૭૫ વાહનચાલકોને હેલ્મેટ વગર ફરતા પકડી તેમની પાવતી ફાડી છે. ૧૬૯૭૫ વાહનચાલકોને પાવતી આપીને એક સપ્તાહમાં કુલ રૂ. ૧૬,૮૫,૮૫૦નો દંડ વસુલવામાં આવ્યો છે. એવરેજ દરરોજ ૨૩૦૦ વાહનચાલકોને પકડી સવા બે લાખ રૂપિયા દંડ વસુલવામાં આવ્યો છે. પોલીસે કડક હાથે કરેલી દંડ વસુલાતને પગલે હવે શહેરીજનો ટુ વ્હીલર લઈને નીકળતા પહેલા હેલ્મેટ પકડતા હોવાનું નજરે ચઢે છે. અંદાજે ૬૦ ટકાથી વધુ વાહનચાલકો હવે હેલ્મેટ પહેરતા થઈ ગયા હોવાનું મનાઈ રહ્યું છે.

ગાંધીનગર શહેરના પથિકાશ્રમ સર્કલ પાસે વહેલી પરોઢે આસપાસના ગામમાંથી આવતા મેથીની ભાજી, કોથમીરનું વેચાણ થાય છે. અંદાજે ૫૦ જેટલાં શાકભાજીવાળા વેપારીઓ અહીં રોજ જોવા મળે છે.

શહેરની વિનયન કોલેજ દ્વારા "સપ્તરંગ" થીમ પર વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરની સરકારી વિનયન કોલેજના વાર્ષિકોત્સવની ઉજવણી આજરોજ સેકટર - ૧૭ ટાઉનહોલ ખાતે કરવામાં આવી હતી. સપ્તરંગની થીમ પર યોજાયેલા આ કાર્યક્રમમાં ૫૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ ૩૭ કૃતિઓ રજુ કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ આપણી માતૃભાષા અને દિકરી ઉત્કર્ષ વિષય પર સુંદર નાટકો રજુ કરતા વિદ્યાર્થીઓએ તાળીઓથી વધાવી લીધા હતા.

ગાંધીનગર શહેરના સેકટર - ૧૫ સ્થિત સરકારી વિનયન કોલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે ડો. યોગેશ યાદવ, પ્રો. આર.એચ.ભટ્ટ, પ્રો.મમતા બુચ, પ્રો.કોઠારીએ દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત સરકારી આર્ટસ કોલેજ માંડલના ડો. હર્ષદભાઈ પરમાર, કે. કા. શાસ્ત્રી કોલેજ મણીનગરના પ્રો. ભાવેશ લાખાણી, ગાંધીનગર સાયન્સ અને કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડો.પ્રજ્ઞાબેન વાઢેર, ડો. એચ.જી.દેસાઈ, મોતીપુરા મહિલા આર્ટસ કોલેજના સંજયભાઈ ડોડીયાનું કોલેજ પરિવાર દ્વારા પ્રધ્યાપકોએ ફુલહાર આપી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કોલેજના ગુજરાતીના પ્રધ્યાપક ડો. હિંમતભાઈ ભાલોડીયાએ વિદ્યાર્થીઓને આપણી માતૃભાષાનો મહિમા વિષય પર ધારદાર વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ કાર્યક્રમમાં કોલેજના વિદ્યાર્થીએ તાજેતરમાં રજુ થયેલી ફિલ્મ બાજીરાવ મસ્તાની નો ફિલ્મી ડાયરો, ડાન્સ, બ્રેક ડાન્સ, એક પાત્રીય અભિનય, રાજસ્થાની, મરાઠી, પંજાબી,અને ગુજરાતી સુંદર રીતે રજુ કર્યા હતા. કોલેજના વિદ્યાર્થીઓએ ગીત હોલીયા મે ઉડી રે ગુલાલ, રામચંદ્ર કહ ગયે સીયા સે ઐસા કલયુગ આયેગા, યે દોસ્તી હમ નહી તોડેગે સહિત ગુજરાતી લોકગીત ફુલ ગજરો રે મારો હીર ગજરો રજુ થતા વિદ્યાર્થીઓ પણ તાલ મિલાવીને ઝુમી ઉઠ્યા હતા. સમરંગ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સંગીતના સથવારે અદ્‌ભુત નૃત્યની અભિવ્યકિત કરતા ટાઉનહોલમાં હાજર સૌ કોઈએ વિદ્યાર્થીઓને તાળીઓથી વધાવી લીધા હતા. ભારત દેશના વિવિધ ૧૪ રાજયોની સંસ્કૃતિ ફેશન શો દ્વારા વિદ્યાર્થીઓએ રજુ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ કોલેજના યુવક-યુવતિઓએ પ્રાધ્યાપકો સાથે મળીને કર્યું હતું. સપ્તરંગ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજની સાંસ્કૃતિક સમિતિના પ્રોફેસર ડો. માધવી ઉપાધ્યાય, કન્વીનર પ્રોફેસર મમતા બુચ અને પ્રોફેસર જોલી દેસાઈ સહિત તમામ ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

શહેરની હોસ્પિટલમાં લેબોરેટરી ટેસ્ટ મફત કરાશે

ગાંધીનગર, તા.૧૯

રાજય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા રાજયની છેવાડાની જનતાને આરોગ્યલક્ષી લેબોરેટરી સેવાઓ નિશુલ્ક પુરી પડે તે માટે મુખ્યમંત્રી નિદાન યોજના સરકાર દ્વારા કાર્યરત કરવામાં આવી છે. આ યોજનાનો પ્રારંભ કરનાર ગુજરાત પાંચમુ રાજય છે.રાજયના તમામ સબ સેન્ટર, પીએચસી, સીએચસી, સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, જિલ્લા હોસ્પિટલ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં લાગુ થતા લેબ ટેસ્ટ જે પહેલા ફી થતા હતા તેમા વધારો થશે. આ મુખ્યમંત્રી નિદાન યોજનામાં મોટાભાગની તમામ મોટી બિમારીના લેબોરેટરી ટેસ્ટ હોસ્પિટલમાં મફત કરી આપવામાં આવશે. ગાંધીનગર શહેર હોસ્પિટલમાં પણ આ યોજના થકી દર્દીઓને અંદાજીત ૭૭ લેબના ટેસ્ટ ફ્રી કરી આપવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના દર્દીઓને મફત નિદાન યોજનાનો લાભ મળશે.

સરકાર તેમજ આરોગ્ય વિભાગ સમગ્ર રાજયની પ્રજાની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે. ગુજરાતની પ્રજાને આરોગ્યની દ્રષ્ટિએ કોઈપણ પ્રકારની તકલીફનો સામનો ન કરવો પડે તે માટે આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ યોજના અમલમાં મુકવામાં આવી છે. મુખ્યમંત્રી નિદાન યોજના દ્વારા રાજયની સરકારી હોસ્પિટલમાં બ્લડ અને યુરીન સહિતના વિવિધ રોગને લગતા લેબ ટેસ્ટ મફત તંત્ર દ્વારા કરી આપવામાં આવશે. ભારતના પ્રશ્ચિમ બંગાલ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં આ યોજના કાર્યરત બની છે આ યોજનાને લઈ વિવિધ રોગથી પિડાતા અને મોંઘા લેબ ટેસ્ટ ન પહોંચી વળતા લાખો દર્દીઓને સીધો લાભ મળશે. આ યોજનામાં એનેમીયા, ડાયાબિટીસ, વાયર હીપેટાઈટીસ બ્લડ ગ્રુપ, એચઆઈવી, સરવાઈકલ કેન્સર ટાઈફોઈડ, સીફીલીશ, ક્ષય, મેલેરીયા, ડેન્ગ્યું, કીડની ફંકશન,કમળો, લીવર ફંકસન, હદય સહિતની બિમારીના રોગ જાણવા માટે કરવામાં આવતા લેબ ટેસ્ટ નિશુલ્ક કરવામા આવશે. આ યોજનાથી ગાંધીનગર જિલ્લાના દર્દીઓને પણ લાભ મળશે. મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલમાં પહેલા ૫૫ વિવિધ ટેસ્ટ ફ્રી થતા હતા જેની સંખ્યા વધીને ૭૭ થવા પામી છે. સબ સેન્ટર પહેલા ૩ - વધીને ૫, પીએચસી - ૭ વધીને ૧૭, સીએચસીમાં ૨૦ - ૩૩, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ૨૦ - ૩૩, જિલ્લા હોસ્પિટલમાં ૩૫ - વધીને ૬૮ લેબ ટેસ્ટ મુખ્યમંત્રી નિદાન યોજના હેઠળ દર્દીઓને લાભ મળશે.

વિશ્વ કર્મા સેવા સમાજ દ્વારા બારમા પાટોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૧૨ સ્થિત વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા વિશ્વ કર્મા જયંતિ અને ૧૨મા પાટોત્સવની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે આજે રાંદલમાતાના તેડા અને ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જયારે તા. ૨૦ ફેબ્રુઆરીના રોજ સવારે ૮.૦૦ કલાકે વિશેષ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાંજે ૪.૦૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. આ ઉપરાંત સાંજે ૬.૦૦ કલાકે ભાવિકો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થાના પ્રમુખ કચરાભાઈ સુથાર અને કાન્તિભાઈ પરમાર તેમજ મંત્રી બિપિનભાઈ ગજજર પાટોત્સવની ઉજવણીને વધુ ભવ્ય બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

રાજકોટ ખાતે રાજયકક્ષાની ખેલમહાકુંભ આયોજિત તરણ સ્પર્ધા યોજાઈ હતી. આ તરણ સ્પર્ધામાં ૫૦ મીટર, ૧૦૦ મીટર, ૨૦૦ મીટર બટર ફલાય, સ્ટોક સ્વીમીંગ સહિતની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેકટર-૧૩, તક્ષશિલા વિદ્યાલયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. આ તરણ સ્પર્ધામાં મુન્નાભાઈ યાદવ, રામમિલન યાદવ, બિકરામ પાલ, મહેશ યાદવ અને રાજદીપ બોરવાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવી ગાંધીનગર જિલ્લા અને શાળાનું ગૌરવ વધાર્યું હતું.

વાતવાતમાં

● ભાજપ પ્રદેશ કાર્યાલય કોબા પાસે આજે ભાજપ પ્રદેશ પ્રમુખની વરણીને લઈ રાજયભરમાંથી કાર્યકરો હજજારોની સંખ્યામાં ઉમટી પડયા હતા. ગાંધીનગર કોબા માર્ગ પર ગાડીઓની લાંબી કતારો જોવા મળી હતી.

● સરગાસણ ચાર રસ્તાથી મહાત્મા મંદિર તરફ જવાના ખ માર્ગ પર રોડની સાઈડમાં બે ફુટ સમાતંર ખોદકામ કરવામાં આવી રહ્યું છે. આ ખોદકામ કયા કાર્ય માટે કરવામાં આવી રહ્યું છે તેવું સ્થાનિક રહીશોમાં ચર્ચાઈ રહ્યું છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

સે-૭ની ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં

નરસિંહ મહેતા આધારિત રાજયકક્ષાનો પરિસંવાદ યોજાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૭માં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ગુરુવારે ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી 'નરસિંહ મેહતા : અધ્યયન અને આસ્વાદ' વિષયે રાજયકક્ષાનો પરિસંવાદ યોજાયો હતો. આ પરિસંવાદનું ઉદઘાટન કવિવર રાજેન્દ્ર શુકલએ કર્યું હતું. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા મુખ્ય અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતાં. નરસિંહ મેહતા બેફિકરો ઈશ્ક શીખવાડે છે, વૈષ્ણવજન તો.. માત્ર ગીત કે ભજન નથી પરંતુ સમગ્ર નાગરિક શાસ્ત્ર છે તેવું કહેતા આગવી શૈલીમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ પરિસંવાદનું વાતાવરણ જીવંત બનાવી દીધું હતું. તેમના વકતવ્ય અગાઉ ઉદઘાટન સમારોહમાં કોલેજના આચાર્ય ઉર્મિલાબેન ચૌધરીએ મહેમાનો અને વિદ્યાર્થીઓને આવકાર્યા હતા તથા મહેમાનોનું સુતરની આંટીથી સ્વાગત કરાયું હતું. સમારંભના ઉદઘાટક કવિ રાજેન્દ્ર શુકલએ દ્વૈત અને અદ્વૈતવાદના આધારે નરસિંહ મેહતાની કવિતાને મૂલવતા નરસિંહ પરિવ્રાજક નહોતા તેવું જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે નરસિંહ મેહતાએ અનેક સંઘર્ષો વચ્ચે પણ જૂનાગઢમાં જ રહીને કવિતાનું સર્જન કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. કિર્તિદા શાહે મધ્યકાળની ભૂમિકા પ્રસ્તુત કરતા મધ્યકાળને ધર્મ પ્રધાન, પદ્ય પ્રધાન તથા હસ્ત લિખિત સર્જનોનો હોવાનું જણાવ્યું હતું. મધ્યકાળમાં સમકાલીન જીવન સાથે રંગ પૂરણી જીવનનો ઉલ્લાસ હતો. તેમણે નરસિંહથી માંડીને દયારામ સુધીની વાત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ભુજની શ્યામજી કૃષ્ણવર્મા યુનિ.ના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. દર્શના ધોળકીયા બીજરૂપ વકતવ્ય રજૂ કરતા નરિસંહને જ્ઞાન-ભકિતના ગાયક, પ્રેમલક્ષણા ગાયક ગણાવ્યા હતા. એટલું જ નહી તેમણે નરસિંહ મેહતાને નિમંત્રણના કવિ કહેતા પ્રસન્નતાના કવિ અને ભકત કવિ જેવા શબ્દોથી પણ નવાજયા હતા.

પરિસંવાદમાં સરકારી વિનયન કોલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ. મમતાબેન બુચે નરસિંહ મેહતા અને રવિન્દ્રનાથ ટાગોરની તુલના કરતા બંનેને માનવતાના કવિ ગણાવ્યા હતા. તેમણે નરસિંહને પનોતા પુત્ર અને ટાગોરને શ્રેષ્ઠ પુત્ર તરીકે સંબોધતા કહ્યું હતું કે જો નરસિંહ મેહતા કાળમાં નોબેલ પ્રાઈઝ અપાતું હોત તો ચોકકસ તે નરસિંહની કવિતાઓને જ મળત. કાર્યક્રમના અંતમાં પીનાકીનભાઈ તથા ભીખુદાન ગઢવી દ્વારા નરસિંહ મેહતાના પદોનું ગાન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમમાં સંચાલકની ભૂમિકા ડૉ. લીનાબેન સ્વાદિયા અને ડૉ.રાકેશ પટેલે સુપેરે નિભાવી હતી. આ પ્રસંગે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર મનોજભાઈ ઓઝા, સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાત, કલા ગુર્જરી સંસ્થાના મનોજ શુકલ ઉપરાંત અખિલ આંજણા કેળવણી મંડળના હોદેદારો શંકરભાઈ ચૌધરી, માધુભાઈ ચૌધરી તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કોબા ગામના વેચાઈ ગયેલા પ્લોટને ફરીથી વેચીને છેતરપીંડી

પ્લોટના બાના પેટે રૂ. ૧૫ લાખ લઈ લીધા બાદ દસ્તાવેજ માટે ગલ્લાતલ્લા કરતા મામલો બહાર આવ્યો : ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ જમીનના ભાવો વધતા છેતરપીંડીના અનેક કિસ્સાઓ થવા પામ્યા છે. કોબા ગામની સીમમાં આવેલી એક કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના બે પ્લોટના માલીકે પ્લોટ વેચી દીધા હોવા છતાં બીજી વાર તે જ વેચાઈ ગયેલા પ્લોટ વેચવા તખ્તો ગોઠવ્યો હતો. પ્લોટના બાનાખત માટે રૂ. ૧૫ લાખ લઈ લીધા બાદ દસ્તાવેજની વાત આવી ત્યારે પાર્ટીએ ગલ્લા તલ્લા કરવાનું શરૂ કરતાં મામલો બહાર આવ્યો છે. આ છેતરપીંડી અંગે ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ અમદાવાદ શાહીબાગ વિસ્તારમાં રહેતા તપસ્વીન ગુલાબભાઈ ગંગવાણીના કોબા ગામની સીમમાં સ્થિત કલ્પવૃક્ષ કો.ઓપ. હા. સોસાયટીમાં બે રહેણાંક પ્લોટ હતાં. આ પ્લોટ વેચવા કાઢયા હોવાની માહિતી મળતા નરોડાના શ્રીપાલસિંહ વિરભદ્રસિંહ રાણાએ પ્લોટ ખરીદવા તૈયારી દર્શાવી હતી. ભાવતાલ કર્યા બાદ બાનાખત માટે રૂ.૧૫ લાખ આપી પણ દીધા પરંતુ દસ્તાવેજ કરવાની વાત આવે ત્યારે તપસ્વીન ગલ્લા તલ્લા કરવા લાગતો હતો. શંકા જતા શ્રીપાલસિંહે પ્લોટ અંગે તપાસ કરાવી તો ધ્યાને આવ્યું કે તે પ્લોટ તો પહેલેથી જ તેણે બીજી પાર્ટીને વેચી દીધેલો છે. વિશ્વાસઘાત કરીને છેતરપીંડી આચરનાર તપસ્વીન સામે શ્રીપાલસિંહે ફરિયાદ આપતા ઈન્ફોસીટી પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ એમ.એચ. સોલંકીએ તપાસનો દોર શરૂ કર્યો છે.

ચિરવિદાય

● સ્વ. ભરતસિંહ માધુસિંહ ડાભી, ઉ.વ. ૪૯